પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૫૦ | ૨૨ નવેમ્બર, ૨૦૨૨, મંગળવાર; કારતક વદ - ૧૩/૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઈન્ડોનેશિયામાં ૫.૬ની તિવ્રતાનો ભૂકંપ

**૫૬નાં મોત : ૭૦૦થી વધુ ઘાયલ : ભૂકંપના આંચકા એટલા તેજ હતા કે, અનેક બિલ્ડિંગ હલવા લાગી હતી : ઈન્ડોનેશઇયામાં ભૂકંપનું કેન્દ્ર પશ્ચિમ જાવાના સિયાનુજરમાં જમીનથી લગભગ ૧૦ કિલોમીટર દૂર હતું, હાલમાં સુનામીનો કોઈ ખતરો નથી : ઈન્ડોનેશિયામાં ફરીવાર ભૂકંપના આંચકાથી ખળભળાટ**







ઈન્ડોનેશિયા, તા.૨૧

ઈન્ડોનેશિયામાં ફરીવાર ભૂકંપના આંચકાથી સમગ્ર દેશમાં ખળભળાટ મચી ગયો છે. સોમવારે અહીં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૬ની તીવ્રતા માપવામાં આવી છે. આ જોરદાર આંચકા કેટલીક સેકન્ડો સુધી અનુભવાયા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ ભૂકંપનું કેન્દ્ર પશ્ચિમ જાવાના સિયાનુજરમાં જમીનથી લગભગ ૧૦ કિલોમીટર દૂર હતું. હવામાન અને ભૂ-ભૌતિક એજન્સીએ કહ્યું કે હાલમાં સુનામીનો કોઈ ખતરો નથી. ભૂકંપ એટલો ગંભીર હતો કે, તેમાં અત્યાર સુધીમાં લગભગ ૫૬ લોકોના મોત થયા છે. આ ઉપરાંત ૭૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે જેમની સારવાર ચાલી રહી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે જકાર્તામાં જ્યારે આ ભૂકંપ આવ્યો તે સમયે અનેક લોકો પોતાની ઓફિસમાં બેસીને કામ કરી રહ્યા હતા. ભૂકંપના આંચકા એટલા તેજ હતા કે, અનેક બિલ્ડિંગ હલવા લાગી હતી. તેનાથી અફરા-તફરીનો માહોલ બની ગયો હતો. ભૂકંપના કારણે ઈમારતોમાં રાખવામાં આવેલ ફર્નિચર પણ

● અનુસંધાન પાન-૭ પર

## રિપ ટ્વીટરના હેશટેગ પર મસ્કે ટ્વીટ કર્યું, ટ્વીટર ઈસ લાઈવ

પ્રિટોરિયા, તા.૨૧

ટ્વીટરની ઘણી ચર્ચા થઈ રહી છે. આનુ કારણ છે એલન મસ્ક. મસ્કે ટ્વીટરની કમાન પોતાના હાથોમાં લીધા બાદ જ આમાં અમુક પરિવર્તન કરી રહ્યા છે. અમુક સ્થળો પર ટ્વીટર ઘણુ સ્લો પણ થઈ ગયુ છે. જે બાદ યુઝર્સે ગુડબાય ટ્વીટર અને રિપ ટ્વીટરહેશટેગ ચલાવવાનું શરૂ કરી દીધુ છે.

એટલે કે લોકોને લાગી રહ્યુ હતુ કે ટ્વીટર

● અનુસંધાન પાન-૭ પર

## કુકર બોમ્બ વિસ્ફોટની તપાસ એનઆઈએને સોંપાશે

**મેંગલુરુમાં ઓટો રિક્ષામાં બ્લાસ કેસ : આરોપીઓ સામે ત્રણ કેસ નોંધાયેલા છે, જેમાંથી બે મેંગલુરુમાં અને એક શિવમોગ્ગામાં છે**

નવી દિલ્હી, તા.૨૧

કર્ણાટકના મેંગલુરુમાં વિસ્ફોટમાં શંકાસ્પદ આતંકવાદી મોહમ્મદ શારિક અને ઓટો રિક્ષા ચાલક ઘાયલ થયા હતા. કર્ણાટકના મેંગલુરુમાં ઓટો રિક્ષા બ્લાસ્ટની તપાસ એનઆઈએને સોંપવામાં આવશે. આ કેસના આરોપી મોહમ્મદ શારિકને મેંગલુરુની ફાધર મુલર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. એડીજીપી (કાયદો અને વ્યવસ્થા) આલોક કુમારે કહ્યું કે આરોપીઓ સામે ત્રણ કેસ નોંધાયેલા છે. જેમાંથી બે મેંગલુરુમાં અને એક શિવમોગ્ગા જિલ્લામાં છે. બે કેસમાં તેની યુએપીએ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી અને ત્રીજા કેસમાં તે વોન્ટેડ હતો.

મેંગલુરુ ઓટોરિક્ષા બ્લાસ્ટ કેસના આરોપી શારિકને મેંગલુરુની ફાધર મુલર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. મેંગલુરુમાં શનિવારે એક રિક્ષામાં ઓછી તીવ્રતાનો વિસ્ફોટ થયો હતો. સૂત્રોએ જણાવ્યું કે હવે આ મામલો તપાસ માટે એનઆઈએને સોંપવામાં આવી શકે છે.

## કોંગ્રેસ છ દોષિતોની મુક્તિને પડકારતી નવી સમીક્ષા અરજી સુપ્રીમમાં દાખલ કરશે

**રાજીવ ગાંધીના હત્યાના દોષિતોને મુક્ત કરવાનો નિર્ણય કેન્દ્ર સરકારને બોલવાની પૂરતી તક આપ્યા વિના લેવાયો હોવાની કેન્દ્રની રજૂઆત**

નવી દિલ્હી, તા.૨૧

કોંગ્રેસના પૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની હત્યા મામલે ૬ દોષિતોની સમય પહેલા મુક્તિના નિર્ણય વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં નવી પુનર્વિચાર અરજી દાખલ કરશે. પાર્ટીના સૂત્રોએ સોમવારે આ જાણકારી આપી હતી. કેન્દ્ર સરકાર આ મામલે રિવ્યુ પિટિશન દાખલ કરી ચૂકી છે. જેને લઈને કોંગ્રેસ તરફથી સરકાર વિરુદ્ધ નિવેદનો પણ કરવામાં આવ્યા હતા.

કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યું હતું કે, રાજીવ ગાંધી હત્યા કેસમાં છ દોષિતોને નિર્દોષ જાહેર કરવાને પડકારતી નવી સમીક્ષા અરજી ટૂંક સમયમાં સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવશે. કોર્ટે આ આદેશ ગુનેગારોને સજામાં માફી માટે તમિલનાડુ સરકારની ભલામણના આધારે આપ્યો હતો.

કેન્દ્રએ તેની અરજીમાં કહ્યું હતું કે, દોષિતોને મુક્ત કરવાનો નિર્ણય કેન્દ્ર સરકારને બોલવાની પૂરતી તક આપ્યા વિના લેવામાં આવ્યો હતો. કેન્દ્રએ કહ્યું કે, સુનાવણી દરમિયાન પ્રક્રિયાગત ચૂક થઈ જેના કારણે કેસમાં કેન્દ્ર સરકારની સંડોવણી નજીવી રહી.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ કુંદ્રાની સામે ૪૫૦ પાનાની મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટમાં ચાર્જશીટ દાખલ

મુંબઈ, તા.૨૧

અશ્લીલ ફિલ્મો બનાવવાના કેસમાં ધરપકડ થઈ ત્યારથી શિલ્પા શેટ્ટીનો બિઝનેસમેન પતિ રાજ કુંદ્રા ચર્ચામાં છે. જુલાઈ ૨૦૨૧ના રોજ મુંબઈ ક્રાઈમ બ્રાંચ પોલીસ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતીઅને બે મહિના બાદ જામીન પર છુટકારો થયો હતો. આ દરમિયાન તેના લેપટોપમાંથી ઢગલો અશ્લીલ ક્લિપ મળી આવી હોવાનું કહેવામાં આવતું હતું. તે સમયે શર્લિન ચોપરા અને પૂનમ પાંડેએ રાજ કુંદ્રાએ તેમની સાથે બળજબરી કરીને ક્લિપ ઉતારી હોવાનો આક્ષેપ લગાવ્યો હતો. રાજ કુંદ્રા ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. અન્ય તેમજ તેની સામે અશ્લીલ કન્ટેન્ટ બનાવવા અને ઓટીટી પ્લેટફોર્મ પર દેખાડવાના આરોપમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે, જેમાં શર્લિન અને પૂનમનું નામ પણ સામેલ છે.

રાજ કુંદ્રા સામે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. આ ૪૫૦ પાનાની ચાર્જશીટમાં શર્લિન ચોપરા, પૂનમ પાંડે, પ્રોડ્યૂસર મીનત ઝુનઝુનવાલા અને કેમેરામેન રાજુ દુબેનો સમાવેશ થાય છે.

## ૪.૭૮ હજારની સરકારી લોનની જાહેરાત નકલી છે

**પીઆઈબી ફેક્ટ ચેકની તપાસમાં ખુલાસો : સરકાર એવી કોઈ સ્કીમ ચલાવી રહી નથી કે જેના હેઠળ આધાર કાર્ડ ધારકોને ૪.૭૮ લાખની લોન આપવામાં આવી હોય**

નવી દિલ્હી, તા.૨૧

સોશિયલ મીડિયા પર દરરોજ વિવિધ પ્રકારના મેસેજ વાયરલ થતા રહે છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વધુ એક મેસેજ વાયરલ થઈ રહ્યો છે. આ મેસેજમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે કેન્દ્ર સરકાર દેશના તે નાગરિકોને ૪ લાખ ૭૮ હજાર રૂપિયાની લોન આપી રહી છે જેમની પાસે આધાર કાર્ડ છે. તમને જણાવી દઈએ કે દેશભરમાં આધાર કાર્ડ ધારકોની કુલ સંખ્યા ૧૩૩ કરોડથી વધુ છે અને દેશભરમાં કુલ ૭૭.૨૫ કરોડ આધાર કાર્ડ બેંક ખાતાઓ સાથે જોડાયેલા છે. આપણા દેશમાં લોન મેળવવા માટે અનેક પ્રકારની પ્રક્રિયાઓ કરવી પડે છે, પરંતુ શું એ સાચું છે કે કેન્દ્ર સરકાર માત્ર આધાર કાર્ડ દ્વારા જ ૪.૭૮ લાખ રૂપિયાની લોન આપી રહી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા આ મેસેજની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પીઆઈબી ફેક્ટ ચેકે તેની તપાસ કરી હતી. પીઆઈબીફેક્ટ ચેકને તેની તપાસમાં જાણવા મળ્યું કે સોશિયલ મીડિયાના અલગ-અલગ પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહેલો આ મેસેજ સંપૂર્ણપણે નકલી છે અને સરકાર એવી કોઈ સ્કીમ ચલાવી રહી નથી કે જેના હેઠળ આધાર કાર્ડ ધારકોને ૪.૭૮ લાખ રૂપિયાની લોન આપવામાં આવી હોય. પીઆઈબી ફેક્ટ ચેકે લોકોને આવા ફેક મેસેજ ફોરવર્ડ ન કરવાની અપીલ કરી છે. તમને જણાવી દઈએ કે આ સાયબર ફ્રોડમાં સામેલ લોકો દ્વારા છેતરપિંડી કરવાનો પ્રયાસ હોઈ શકે છે, જેમાં લોકોને ફસાવવા માટે કેન્દ્ર સરકારના નામનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પીઆઈબીફેક્ટ ચેકે લોકોને સલાહ આપી છે કે તેઓ કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારની અંગત અને નાણાકીય માહિતી ન આપે. જો તમે આમ કરો છો તો તમારી સાથે છેતરપિંડી થઈ શકે છે અને તમારા બેંક ખાતામાં જમા કરાયેલી મહેનતની કમાણી આંખના પલકારામાં કાઢી નાખવામાં આવી શકે છે.

## પાટા પરથી માલગાડી ઊતરીને પ્લેટફોર્મ પર જતી રહી, બેનાં મોત

**ઓડિશાના જાજપુરના કોરેઈ રેલવે સ્ટેશને અકસ્માત : ગુડ્સ ટ્રેનના ડબ્બા પ્લેટફોર્મ પર બનેલા વેઇટિંગ હોલ અને ટિકિટ કાઉન્ટર સુધી પહોંચી ગયા, અન્ય ઘણા લોકો ગંભીર**



જાજપુર, તા.૨૧

ઓડિશાના જાજપુરના કોરેઈ રેલવે સ્ટેશન પર સોમવારે સવારે એક માલગાડી પાટા પરથી ઉતરી જતાં એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે ઈસ્ટ કોસ્ટ રેલ્વે હેઠળના કોરાઈ સ્ટેશન પર આજે વહેલી સવારે એક માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. ગુડ્સ ટ્રેનના ડબ્બા પ્લેટફોર્મ પર બનેલા વેઈટિંગ હોલ અને ટિકિટ કાઉન્ટર સુધી પહોંચી ગયા હતા. આ દરમિયાન ૨ મુસાફરો તેની સાથે અથડાઈ ગયા અને ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા જ્યારે અન્ય ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માતને કારણે બે રેલ્વે લાઈનો બ્લોક થઈ ગઈ હતી. સ્ટેશન બિલ્ડિંગને પણ નુકસાન થયું છે. રાહત ટીમ, રેલવે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે. ગુડ્સ ટ્રેનના ડબ્બા નીચે હજુ કેટલાક લોકો દટાયા હોવાની આશંકા છે. દુર્ઘટનાને દુઃખદ ગણાવતા ઉત્તર પૂર્વ રેલવેના જનસંપર્ક અધિકારીએ કહ્યું કે, અકસ્માત પાછળના કારણની તપાસ કરવા સૂચના આપવામાં આવી છે. અકસ્માત બાદ અપ અને ડાઉન બંને સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ ઘટના આજે સવારે ૬:૪૦ વાગ્યે બની હતી. જાજપુરના પોલીસ

● અનુસંધાન પાન-૭ પર

## બેકાબૂ ટ્રકે ભુઈયાં બાબાની પૂજા કરી રહેલા લોકોને કચડી નાખતા ૧૨નાં મોત

**બિહારના વૈશાલીમાં ભીષણ રોડ અકસ્માત : મહનાર-મોહદ્દીનગર એસએચ પર બ્રહ્મસ્થાનની પાસે લોકો ભુઈયાં બાબાની પૂજા દરમિયાન નેવતન પૂજા કરી રહ્યા હતા**

વૈશાલી, તા.૨૧

બિહારના વૈશાલીમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. વૈશાલીના દેશરીમાં ભીષણ રોડ અકસ્માત થયો છે. આ દુર્ઘટનામાં ૧૨ લોકોના મોત થયા છે. જ્યારે કેટલાય લોકો ઘાયલ થયા હોવાની સૂચના મળી છે. ઘટના દેશરી પોલીસ સ્ટેશન હદ વિસ્તારના નયાગંજ-૨૮ ની હોવાનું કહેવાય છે. દુર્ઘટનામાં ઘાયલ ચાર લોકોની સારવાર સદર હોસ્પિટલમાં થઈ રહી છે. મરનારા લોકોમાં ૭



બાળકો પણ સામેલ છે. તમામ એક જ ગામના રહેવાસી હતી. ઘટના પર પહોંચેલા ડીએમ અને એસપી આક્રોશિત લોકો સાથે વાતચીત કરી હતી. કહેવાય છે કે, મહનાર-મોહદ્દીનગર એસએચ પર બ્રહ્મસ્થાનની પાસે લોકો ભુઈયાં બાબાની પૂજા દરમિયાન નેવતન પૂજા કરી રહ્યા હતા. આ તમામની વચ્ચે એક બેકાબૂ ટ્રક લોકોને કચડતો આવી પહોંચ્યો. આ ઘટનામાં ૧૨ લોકોના મોત થઈ

● અનુસંધાન પાન-૭ પર

જાહેરાત

શ્રી રાજપૂત સમાજ, જિલ્લા રાજપૂત સમાજ, કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ તથા કારડીયા રાજપૂત સમાજ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે

સ્નેહમિલન કાર્યક્રમ

આથી સર્વે રાજપૂત પરિવારોને નવા વર્ષના સાલ મુબારક સાથે જણાવવાનું કે, તા. ૨૩/૧૧/૨૦૨૨ને બુધવારના રોજ સમય : સાંજે ૫-૦૦ કલાકે શ્રી રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે સ્નેહ મિલન કાર્યક્રમ રાજપૂત સમાજ પરિવાર સાથે રાખેલ છે. તો સર્વે રાજપૂત સમાજ સહ પરિવાર સાથે પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

કાર્યક્રમના અંતે સ્વરૂચિ ભોજન સાથે લઈશું.

લી.

સમસ્ત શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર
ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ
કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ
તથા કારડીયા રાજપૂત સમાજ, ગાંધીનગર

